# આજે હાટકેશ જયંતિ નિમિત્તે બે નાગરોની ખુમારીની વાત



**પ્રસંગસર**

નાગર જ્ઞાતિના ઈષ્ટદેવ હાટકેશની આજે જયંતિ. આ પ્રસંગે નગરના મોભી અરૂણભાઈ બુચ દ્વારા જ્ઞાતિના ભવ્ય ભૂતકાળને નજર સમક્ષ રાખી જ્ઞાતિની આગામી પેઢી પણ કંઈક મેળવી શકે તે હેતુસર બે પ્રસંગોની યાદગીરી ભેટ ધરવામાં આવી છે. અમદાવાદની જીવાદોરી અને અમદાવાદના સંસ્કારમાં વણાઈ ગયેલ અને આજે પણ અડીખમ ઊભો રહી લોકચાહના જેણે જાળવી રાખેલ છે તેવા એલિસબ્રિજની વાત પહેલી. આ બ્રિજના બાંધકામના ઈજનેર શ્રી હિંમતલાલ ધીરજલાલ ભચેચ એ નાગર કે જેમણે અમદાવાદનો ઍલિસબ્રિજ એક નિષ્ણાત ઈજનેરની હૅસિયતથી બાંધવાની જવાબદારી સ્વીકારી અને અંગ્રેજ રાજની ચૅલેન્જ પુરી કરી નામના મેળવી. અમદાવાદના બે કાંઠાને એક કરનાર તે વખતના મિલ કામદારોની ધોરીનસ સમા આ પુલના બાંધકામની તવારીખો જોઈશું તો પણ નાગર જ્ઞાતિની વફાદારી, ધર્મનિષ્ઠા અને કરકસરભર્યા વહીવટનાં દર્શન થશે. આ પુલના બાંધકામ માટે તે વખતે રૂપિયા સાડા ચાર લાખ મંજૂર થયા. શ્રી હિંમતલાલ ભચેચે આ ઍલિજબ્રિજ અઢી લાખમાં બાંધી આપ્યો. તા. ૩-૬-૧૯૮૩માં શ્રી હિંમતલાલ ભચેચનો 'રાવ બહાદુર'નો ઈલકાબ આપી દિલ્હી ખાતે તેમનું બહુમાન કરવામાં આવ્યું.

૧૯૯૫માં ઍલિસબ્રિજ પર રાવ બહાદુર હિંમતલાલ ભચેચના નામની તકતી મૂકવામાં આવી, જે આજે પણ હયાત છે.

શ્રી હિંમતભાઈનું દેહાવસાન તા. ૩૦-૯-૧૯૨૨ના રોજ થયું. તેમણે જ્ઞાતિના ગૌરવ અને સંસ્કારને બ્રિટીશ સલ્તનત સુધી પહોંચાડી નદીના પટમાં જ ટૅન્ટ નાંખી પુલનું કામ પૂર્ણ થયું નહીં ત્યાં સુધી સાઈટ પર જ રહી પોતાની જાતે જ ભોજન, કપડાં ધોવાં, સફાઈ વિગેરે પોતાનું કામ કરી જરા પણ કચાશ રહે નહીં તેની કાળજી કરી અને તેથી જ આજે પણ અડીખમ અમદાવાદની જીવાદોરી સમો પુલ ઊભો છે. આ છે નાગરોની કુનેહ અને કામ પ્રત્યેની નિષ્ઠા. આઝાદીની લડાઈમાં તો અસંખ્ય યુવાનો અને સમગ્ર દેશ એક થઈ ઊભો હતો અને મહાત્મા ગાંધીની હાકલને ઝીલતો હતો. ત્યારે સૌરાષ્ટ્ર રાજ્યની રચના, ૨૦૨ રજવાડાંનું એકીકરણ અને તેમાં પણ નાગરમુત્સદીઓ શ્રી ઉછંગરાય ઢેબર, નિર્મલભાઈ બુચ જેવાનું પ્રદાન આઝાદી પછીની ઘટનામાં નોંધનીય છે જ.

પરંતુ, અહીં ગાંધીજીએ ૧૨મી માર્ચ, ૧૯૩૦ના રોજ સાબરમતી આશ્રમ છોડી બ્રિટીશ સલ્તનતના મૂળમાં લૂણો લગાવવા દાંડી યાત્રા આરંભી તેમાં પણ એક નાગર વિરલો હતો. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના સ્નાતક અને માત્ર પચીસ વર્ષની વયના શ્રી પુરાતન જન્મશંકર બુચ દાંડીયાત્રા માટે પસંદગી પામ્યા હતા. યાત્રા ૫-૪-૩૦ના રોજ પૂર્ણ થઈ અને તા. ૬ના રોજ સવારે ૬-૩૦ કલાકે કાયદાનો ભંગ કરી ગોરાઓના રાજને લૂણો લગાવનારાઓમાં નાગરોનું પણ પ્રદાન હતું, તેવા આપણા પૂર્વજો વડીલને સૉ સૉ સલામ.

### ૨૮ કેન્દ્રો, ૨૭ ઝોન, ૪૬૯ બિલ્ડીંગો

# આજે ગુજકેટ પરીક્ષા : કુલ ૧૩૧૧૩૩ વિદ્યાર્થી હશે

## બોર્ડે વધારેલી મુદતમાં ૧૬૦ વિદ્યાર્થી વધ્યા : વર્ગખંડમાં અડધો કલાક પૂર્વે પ્રવેશ : સ્થાનિક સ્કવોર્ડ કાર્યરત રહેશે

અમદાવાદ, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલ ગુરુવારે લેવાનાર ગુજકેટની પરીક્ષામાં ધો-૧૨ સાયન્સના ૧,૩૧,૧૩૩ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષાનો પ્રારંભ સવારે ૧૦ વાગે શરુ થશે. વિદ્યાર્થીઓને અડધો કલાક પહેલા પ્વેશ આપવામાં આવશે. મેડીકલ અને ટેકનીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે અતિમહત્વની ગણાતી ગુજકેટની પરીક્ષામાં સ્થઆનિક સ્ક્વોર્ડ ઉપરાંત ફ્લાઈંગ સ્ક્વોર્ડની પણ રચના કરાશે.

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલ ૫મી એપ્રિલે ધો-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે લેવાનાર ગુજકેટની પરીક્ષામાં કુલ ૧,૩૧,૧૩૩ વિદ્યાર્થીઓ રાજ્યના ૨૮ કેન્દ્રો પરથી પરીક્ષા આપશે. પરીક્ષામાં ૨૭ ઝોન અને ૪૬૯ બિલ્ડીંગો છે. કુલ ૧,૧૩,૧૩૩માંથી ૧,૦૬,૦૧૦ ગુજરાત બોર્ડના છે. કુલ વિદ્યાર્થીઓમાં ૭૬૨૮૧ વિદ્યાર્થીઓ અને ૩૬૯૯૨ વિદ્યાર્થીનીઓ છે. બોર્ડ ગુજકેટના ફોર્મથી વંચિત રહેનાર વિદ્યાર્થીઓ માટે વધુ બે દિવસ ૩૧ માર્ચ અને ૧ પહેલી દરમિયાન ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા હાથધરી હતી. જેમાં ૧૬૦ ફોર્મ ભરાઈને આવ્યા હતા. ગુજકેટમાં ધો-૧૨ સાયન્સના એ ગ્રુપના ૭૬૪૮૯, બી ગ્રુપમાં ૩૫૦૧૨ અને એબી ગ્રુપમાં ૧૪૭૨ વિદ્યાર્થઈઓ નોંધાયા છે. પરીક્ષા સવારે ૧૦ વાગ્યાથી શરુ થશે. જેમાં સવારે ૧૦ વાગે ભૌતિક અને રસાયણ વિજ્ઞાન (ફિઝીક્સ-કેમેસ્ટ્રી) ત્યારબાદ વિરામ પછી બપોરે ૧.૦૦ થી ૨.૦૦ વાગ્યા દરમિયાન જીવવિજ્ઞાન (બાયોલોજી) અને બપોરે ૩.૦૦ થી ૪.૦૦ વાગ્યા દરમિયાન ગણિત (મેથ્સ)નું પેપર રહેશે. વિદ્યાર્થીઓને પ્રથમ પેપરમાં અડધો કલાક પહેલા પ્રવેશ અપાશે જ્યારે ત્યારબાદ પછીના પેપરોમાં ૧૫ મીનીટ પહેલા વર્ગખંડમાં પ્રવેશ અપાશે મેડીકલ અને ટેકનીકલ અભ્યાસક્રમો સહિત ફાર્મસીમાં પ્રવેશ માટે અતિ મહત્વની ગણાતી ગુજકેટની પરીક્ષામાં સ્થઆનિક સ્ક્વોર્ડ અને ફ્લાઈંગ સ્ક્વોર્ડ પરીક્ષામાં બાજ નજર રાખશે.

# ગુજ.યુનિ.ની પ્રથમ તબક્કાની પરીક્ષામાં ૭૦ હજાર વિદ્યાર્થી

અમદાવાદ, તા.૪

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આવતીકાલ ૫મી એપ્રિલથી શરુ થઈ રહેલી પ્રથમ તબક્કાની ૧૯ જેટલી પરીક્ષાઓમાં ૭૦ હજાર વિદ્યાર્થીઓ ૨૨૦ કેન્દ્રો પરથી પરીક્ષા આપશે. યુનિવર્સિટીએ આ પરીક્ષામાં પ્રશ્નપત્ર પહોંચાડવાની પદ્ધતિમાં ફેરફાર કરી લોખંડની કોડનંબરથી લોક થતી પેટીમાં વર્ગખંડ પ્રમાણે પેકીંગ કરી પેપર પહોંચાડવા નિર્ણય કર્યો છે. પરીક્ષામાં વિશેષ ટેકનોલોજીના ઉપયોગથી વિવિધ સ્ક્વોર્ડ કાર્યરત રહી નિયંત્રણ રખાશે. ગુજ. યુનિ. દ્વારા આવતીકાલથી શરુ થતી પરીક્ષામાં બેસનાર ૭૦,૦૦૦ વિદ્યાર્થીઓ માટે ૩૦૦૦ જુનીયર સુપરવાઈઝર, ૧૦૦૦ સીનયર સુપરવાઈઝર અને ૧૦૦૦ ઓબ્ઝર્વ કાર્યરત રહેશે. પરીક્ષામાં યુનિવર્સિટીએ મહિલી કોલેજો માટે દુર્ગાવાહિની, મબાઈલ સ્ક્વોર્ડ અને ફ્લાઈંગ સ્ક્વોર્ડની પણ રચના કરી છે. યુનિવર્સિટી જીપીઆરએસ સિસ્ટમનો ઉપયોગ કરી યુનિવર્સિટીના સમગ્ર વિસ્તારને ૨૧૦ કેન્દ્રોમાં વિભાજીત કર્યો છે. જેના કરાણે ઈન્ટરનેટ માધ્યમથી તમામ કેન્દ્રોના સંપર્કમાં રહેશે. પરીક્ષા સહિતની માહિતી નવા શરુ કરાયેલા ૯૦.૮ રેડીયો સ્ટેશન ગુરુવાણીના માધ્યમથી શહેરની કોલેજોને પહોંચાડશે. જેમાં પરીક્ષાના કાર્યક્રમની વિગતો પણ હાલ જાહેર પરીક્ષામાં ગુપ્તતા અને સુરક્ષા વધારવા આ પરીક્ષામાં પ્રશ્નપત્રો લોખંડની પેટીમાં કેન્દ્ર પર લઈ જવાશે. આ પેટીને મારેલા તાળામાં ગુપ્ત નંબરથી લોક હશે જે અડધા કલાક પહેલા સીધા વિવિધ પરીક્ષા કેન્દ્ર પર પહોંચાડાશે. ત્યારબાદ કોલેજોને કોડ અપાશે જેનાથી પેટી ખોલી શકાશે. પેટીમાં સેન્ટર પ્રમાણે પેપરો ગોઠવવાના બદલે બ્લોકવાઈઝ નેકીંગ કરવામાં આવ્યું હોઈ સીધા ક્લાસરૂમમાં જ સીનીયર અધ્યાપકની હાજરીમાં પેપર ખૂલશે અને વિદ્યાર્થીઓને આપવામાં આવશે. પ્રથમ તબક્કાની પરીક્ષા ૧૬મી એપ્રીલ સુધી ચાલશે. આજથી શરુ થઈ રહેલી પરીક્ષામાં એફવાય બીએ-બીકોમના નાપાસ ૧૫ હજાર વિદ્યાર્થીઓ બીજા વર્ષની પરીક્ષા આપી રહ્યા છે. પરંતુ આ પાસ કરવી જરૂરી છે. આ પરીક્ષા પાસ કરશે તો જ ત્રીજા વર્ષમાં પ્રવેશ મેળવી શકશે.

# આવતીકાલનો ઉજાસ



**ખ્યાતિ પી ચૌધરી**
**ધોરણ-૮, આર જી પટેલ કન્યા વિદ્યાલય**

ખ્યાતિ ભણવામાં હોશિયાર અને ઈતર પ્રવૃત્તિઓમાં ઉત્સાહથી ભાગ લેનારી એક આદર્શ વિદ્યાર્થીની છે. શાળા કક્ષાએ યોજાયેલ ગાંધી વિચાર પ્રવેશ પરીક્ષામાં જિલ્લામાં દ્વિતિય ક્રમ મેળવી અને નવસર્જન રંગપૂરણી તેમજ ડિસ્કવર ઈન્ડિયા ક્વિઝમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સર્ટીફિકેટ પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે.



**ધરાંગી કે પટેલ**
**ધોરણ-૮, આર જી પટેલ કન્યા વિદ્યાલય**

અભ્યાસમાં હંમેશા અગ્ર સ્થાન ધરાવતી ધરાંગી અદ્યતન તથા શાસ્ત્રીય નૃત્યમાં અવ્વલ સ્થાન પ્રાપ્ત કરતી આવી છે. તેણે કલ્ચરલ ફોરમ દ્વારા યોજાયેલ ગરબા સ્પર્ધા અને રંગપૂરણી સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા બની સર્ટીફિકેટ, ટ્રૉફી અને શિલ્ડ પોતાના નામે કર્યા છે. ઉપરાંત ભરતનાટ્યમ્‌ની પાંચમા વર્ષની પરીક્ષામાં પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થઈ તેણે સફળતા તરફ ડગ માંડ્યા છે.

# લીટલ સ્ટાર ડે કેર સૅન્ટરનો વાર્ષિકોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામે આવેલી લીટલ સ્ટાર ડે કેર સેન્ટરના પ્લે ગૃપ, નર્સરી, જુનિયર કે.જી. અને સિનીયર કે.જી.ના બાળકોનો વાર્ષિકોત્સવ તાજેતરમાં ઉજવવામાં આવ્યો હતો. શાળાના પ્રથમ વાર્ષિકોત્સવમાં નાના ભૂલકાઓની ફેન્સી ડ્રેસ કોમ્પીટીશન રાખવામાં આવી હતી. વર્ષ દરમિયાન બાળકોએ સ્કૂલની વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રમતગમત તેમજ તહેવારોની ઉજવણીમાં જે ભાગ લીધો હતો તેમાં સુંદર દેખાવ કરનાર બાળકોને આ પ્રસંગે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સહિયર કેળવણી મંડળના પ્રમુખ અને વાવોલ ગ્રામ પંચાયતના ઉપસરપંચ એમ.આર. પટેલે બાળકોને આશીર્વચન પાઠવ્યા હતા.

# ચિલોડા ખાતે કાર્યરત ઓમ લેન્ડમાર્ક સ્કૂલનો વાર્ષિકોત્સવ ૭મીએ ઉજવાશે

ગાંધીનગર, તા. ૪

ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ અમદાવાદ દ્વારા સંચાલિત ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ગુજરાતી માધ્યમ અને ઓમ પી.ટી.સી. કોલેજના સંયુક્ત ઉપક્રમે તા. ૭મી એપ્રિલના રોજ સાંજે ૮ કલાકે ઓમ એજ્યુકેશન કેમ્પસ, મોટા ચિલોડા ખાતે વાર્ષિકોત્સવ ઉજવાશે.

શાળાના આચાર્ય ઈર્શાદભાઈ શેખ અને ઓમ પી.ટી.સી. કોલેજના આચાર્ય અરૂણભાઈ પટેલે સૌ શાળા પરિવારજનોને તથા શુભેચ્છકોને આ પ્રસંગે ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

# નાટકો ગુજરાતી સાહિત્ય વારસાનો અમૂલ્ય હિસ્સો છે એ ભૂલવું ન જોઈએ

## નાટ્યકલા એ એક સાધના છે, નિષ્ઠા, લિહાજ, શિસ્ત અને પ્રતિબદ્ધતા સાથે જ નાટ્ય ક્ષેત્રમાં પ્રવેશ કરવો જોઈએ : પ્રકાશ લાલા

સરળતા, સાલસતા, સાદગી, સૌમ્યતા, નિરાભિમાન વિ. જેમનાં આભૂષણો છે તેવા ગાંધીનગર અને ગુજરાતી રંગભૂમિના 'ભરતમુનિ' એટલે શ્રી પ્રકાશ નટવરલાલ લાલા, અને આપણા સૌના લાડીલા 'લાલા કાકા.' બહુમુખી પ્રતિભાના માલિક શ્રી પ્રકાશ લાલા નાટ્ય, સાહિત્ય, વિવેચન, પત્રકારત્વ ક્ષેત્રે મોટા ગજાનું નામ છે. પરંતુ, આજે આપણે તેમની નાટ્ય અને અભિનય કલાનું સ્મરણ કરીએ.

પ્રકાશભાઈનો કલા સંસ્કારનો વારસો તેમના પૂ. બા-બાપુજી પાસેથી ખૂબ નાની ઉંમરથી પ્રાપ્ત થયો. તેમના પિતાજી પાલનપુરમાં મૅડિકલ ઑફિસર હતા (તેમનું વતન સાદરા), તે સમયે ૭,૮ વર્ષની ઉંમરથી જ પિતાજીની આંગળીએ અનેક નાટકો અને સાંસ્કૃતિક કાર્યક્રમો જોવા-માણવા જતાં. પૂ. બા પણ પાલનપુરમાં મહિલા મંડળનાં પ્રમુખ હોવાથી ભજન, ગરબા, સંગીતની પ્રવૃત્તિઓમાં રસ અને અભિરૂચિ વધતા ગયા. (૯૫ વર્ષે પૂ. બા આજે પણ ભજન-કીર્તન-વાચનમાં ખૂબ વ્યસ્ત રહે છે.) પાલનપુરમાં પ્રકાશભાઈ હાર્મોનિયમ પણ શીખ્યા હતા.

પાલનપુરથીત બાપુજીની બદલી થતાં મહેસાણા જિલ્લાના ગેરીતા-કોલવડા ગામમાં ધોરણ ૪,૫,૬ના અભ્યાસ દરમ્યાન શાળાના સહાધ્યાયીઓને એકઠા કરીને સૌપ્રથમ નાટ્યપ્રવૃત્તિ શરૂ કરી. જે પ્રવૃત્તિ શાળા અભ્યાસ પૂર્ણ થયો ત્યાં સુધી ચાલુ રહી.

અમદાવાદની ભવન્સ કૉલેજમાં ૧૯૬૧થી અભ્યાસ શરૂ કર્યો. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી ધબકતી આ કૉલેજમાં પ્રકાશભાઈમાં રહેલી પ્રતિભાને પાંગરવાનું ખુલ્લું આકાશ મળ્યું. સાથે સાથે જ ભવન્સ કૉલેજના પ્રૉ. કમલ ત્રિવેદી પ્રથમ નાટ્ય ગુરુ તરીકે પ્રાપ્ત થયા. જેમની પાસેથી ખૂબ જાણવા-શીખવા મળ્યું અને સ્વતંત્ર રીતે નાટ્ય નિર્માણ શરૂ કર્યું.

એ પછી ઍલઍલબીના અભ્યાસ દરમ્યાન નવગુજરાત કૉલેજમાં પણ પ્રકાશભાઈની પ્રવૃત્તિઓ વિસ્તરતી ચાલી. જ્યાં તેમણે જાણીતા નાટ્યવિદો શ્રી બંસી શાહ અને શ્રી વિનોદ જાની (પ્રિત પિયુ ને પાનેતર ફેમ) સાથે કામ કરવાની તક મળી. ૧૯૭૦માં ખૂબ જાણીતા નાટ્યવિદ્ સુશ્રી ચારૂબેન પટેલના 'દર્શન' થિયેટરમાં 'બાઈ બાઈ ચાળણી' નાટક દ્વારા કૉમર્શિયલ નાટકમાં પગરણ કર્યાં. દિનેશ શુક્લ દિગ્દર્શિત તેમજ નામી કલાકાર અરવિંદ વૈદ્ય, જયશ્રી પરીખ અભિનીત આ નાટકના સમગ્ર ગુજરાત રાજ્યમાં ૧૫૦ શો થયા. દર્શન થિયેટરનાં જ અન્ય જાણીતાં નાટકો - સ્નેહ ધામ સુના સુના, ખારા રે પાણીનાં અમે માછલાં, શ્યામલ નીર યમુનાનાં, અધિકાર, મારે પણ એક ઘર હોય, હું મારે ઘેર અને તું તારે ઘેર વિ.ના પણ ૧૦૦થી ૧૫૦ શો થયા. આ બધાં જ નાટકોમાં પ્રકાશભાઈએ અભિનયનાં ઓજસ પાથર્યાં હતાં. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા યોજાયેલ ત્રિઅંકી નાટ્ય સ્પર્ધામાં સતત ૪ વર્ષ સુધી શ્રેષ્ઠ અભિનયનું ઈનામ પ્રકાશભાઈને મળ્યું હતું. નાટકોમાં કૅરેક્ટર રોલ ભજવવાની પ્રકાશભાઈની માસ્ટરીના કારણે નાટકોમાં તેમને ખૂબ મહત્ત્વનો સિરીયસ અથવા કૉમેડી રોલ મળતો.

આ ક્ષેત્રે આગળ જતાં લાલા કાકાએ 'કોરસ'ના શ્રી નિમેષ દેસાઈ સાથે પણ નાટકો કર્યાં. અર્પણ થિયેટરનું 'પંખી એક ડાળનાં' (દિગ્દર્શક પ્રફુલ્લ ભાવસાર) નાટકના ગુજરાત તથા ભારતભરમાં ૧૭૫ જેટલા શો થયા.

૧૯૭૨માં માહિતી ખાતાની ભાષાંતરકારની એકમાત્ર જગ્યા પર પ્રથમ આવીને નિમણૂંક મેળવી. આથી અમદાવાદ-ગાંધીનગર વચ્ચે અપ-ડાઉન ચાલુ થયું પરંતુ નાટ્ય પ્રવૃત્તિ તો ચાલુ જ રહી.

પ્રકાશભાઈનાં લગ્ન ૧૯૭૪માં અરૂણાબેન સાથે થયાં. પરંતુ રંગભૂમિ સાથે તો પહેલેથી જ પરણેલા હતા. બંનેને સરખો ન્યાય આપવો એ કઠિન કાર્ય બની રહ્યું.

**કેફિયત કલા સાધકની**
**- આશા સરવૈયા**

૧૯૭૬થી ગાંધીનગરને કાયમી નિવાસસ્થાન બનાવ્યું. જ્યાં પુત્ર ધવલનો જન્મ થયો. સાંજે નૉકરી પરથી સીધા જ અમદાવાદ રિહર્સલ અથવા શો કરવા પહોંચી જવું પડતું, જ્યાંથી છેલ્લી બસમાં રાત્રે બે વાગ્યે ઘેર પરત આવતા. આ કપરા સંજોગોમાં બાળકો, ઘર, કૌટુંબિક જવાબદારીઓ અરૂણાબેને સુપેરે નિભાવી છે એટલું જ નહીં, પરંતુ પ્રકાશભાઈના બૅકબૉન બનીને સદાય સાથ નિભાવે છે, એમ પ્રકાશભાઈ દ્રઢપણે માને છે.

અવેતન રંગભૂમિ પર અધધધ થાય એટલાં નાટકોના શો લાલા કાકાએ ૧૯૯૦ સુધી કર્યા. નૉકરીમાં પ્રમોશન્સ થતાં અને જવાબદારીઓ વધતાં અમદાવાદમાં નાટકોનું કામ ઓછું કરવું પડ્યું. પરંતુ એ સાથે જ પીજ કૅન્દ્ર પરથી પ્રસારિત થતી શૈક્ષણિક શ્રેણી 'તણખો થશે ભડકો' ના ૧૦૦ જેટલા ઍપિસોડ કર્યા. આમ ટૅલીવિઝનની દુનિયામાં પ્રવેશ બાદ ડૅકૂ, ઈસરો, પીજ માટે ધૂમકેતુના પ્રખ્યાત વાર્તા સંગ્રહ 'તણખા'ની જુદી જુદી વાર્તાઓના અનેક ઍપિસોડ કર્યા. પીજ કૅન્દ્ર માટે અનેક સ્ક્રીપ્ટ પણ લખી અને એ પછી દૂરદર્શનના નેજા હેઠળ અનેક ડૉક્યુમેન્ટ્રી ફિલ્મો પણ બનાવી. દૂરદર્શનની ખૂબ જાણીતી, ખ્યાતિપ્રાપ્ત શ્રેણી 'એક ડાળનાં પંખી'ના ૧૦૦ જેટલા ઍપિસોડમાં ભૂમિકા ભજવીને આ માધ્યમમાં પણ છવાઈ ગયા. અમદાવાદ જવાનું ઓછું કરવું પડ્યું હોવાથી લાલા કાકાએ ગાંધીનગરની નાટ્યપ્રવૃત્તિઓ પર ધ્યાન કૅન્દ્રીત કર્યું. ગાંધીનગરના જ કલાકારો સાથે પત્તાંની જોડ, ઉપલો માળ ખાલી છે, અગ્નિ પરીક્ષા, તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ વિ. નાટકોના ૧૫થી ૨૦ શો કર્યા. તેરી ભી ચૂપ... આ ત્રિઅંકી નાટકની લાલા કાકાની સ્ક્રીપ્ટ પણ પ્રકાશિતથઈ છે. આ ઉપરાંત ઑલ ઈન્ડિયા સિવિલ સર્વિસીઝ નાટ્ય સ્પર્ધામાં લાલા કાકાએ ગુજરાતની ટીમમાં ભાગ લઈને ગાંધીનગર અને ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું. છેલ્લે શ્રી ઉમાશંકર જોષીની જન્મ શતાબ્દિ નિમિત્તે તેમણે દિગ્દર્શિત કરેલાં ઉમાશંકર જોષીનાં નાટકો 'બારણે ટકોરા' અને 'ખેતરને ખોળે'ના ગુજરાતમાં સાત શો થયા, જે ખૂબ વખણાયા.

ગાંધીનગરમાં ચિલ્ડ્રન્સ થિયેટર 'શિશુ કલા કૅન્દ્ર'ની સ્થાપના કરી અને આઠેક વર્ષ સુધી સતત બાળ નાટ્ય પ્રવૃત્તિનું સફળતાપૂર્વક સંચાલન કર્યું. શિશુ કલા કૅન્દ્રનાં નાટકોએ રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં અનેક વખત પ્રથમ સ્થાન મેળવ્યું. લાલા કાકાનાં દિગ્દર્શન અને માર્ગદર્શનમાં તૈયારથયેલા બાળ કલાકારોમાં કેયુર વૉરા, અમોલ ભટ્ટ, આરતી ભટ્ટ, ધવલ લાલા, ઋષિકેશ ભટ્ટ વિ.નો સમાવેશ થાય છે.

પ્રકાશભાઈના લખેલા પાંચ બાળનાટ્ય સંગ્રહો પ્રકાશિત થયા છે, જે તમામને ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમીનાં પારિતોષિક પ્રાપ્ત થયાં છે, જેમકે ચાલો રમીએ નાટક નાટક, સલામ જોકર કમાલ જોકર, હીપ હીપ હુર્રે, ના મારે પંખી નથી થવું વિ. છે. લાલા કાકાના અનેક એકાંકીઓ પણ પ્રકાશિત થયા છે, જેમાંના 'સૉરી રૉન્ગ નંબર'ને રાજ્ય સરકારનો ઍવોર્ડ પણ મળેલ છે. નાટ્ય લેખન ક્ષેત્રનું તેમનું આ પ્રદાન તેમની આ ક્ષેત્રમાં મળેલી સફળતાનું સાક્ષી છે.

એ જ રીતે ગાંધીનગરના કલા રસિક વાચકોને ગાંધીનગરમાં યોજાતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું તેમના 'ટહૂકાર' શીર્ષક નીચેના કલા વિવેચનો દ્વારા તાદશ્ય અને માર્મિક અવલોકન આપણે કાર્યક્રમ માણતા હોઈએ એવી જે અનુભૂતિ કરાવે છે તે બતાવે છે કે લાલા કાકા કેવી કસાએલી કલમના કસબી છે!

લાલા કાકા રાજ્ય સરકારના સાંસ્કૃતિક યોગ્યતા પ્રમાણપત્ર બૉર્ડનું સભ્યપદ શોભાવે છે અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના નિર્ણાયકની પૅનલમાં હોવાથી જિલ્લા, રાજ્ય તેમજ રાષ્ટ્ર કક્ષાએ વર્ષોથી નિર્ણાયક તરીકે પણ સેવા આપે છે.



લાલા કાકાએ ૬૦ જેટલાં ત્રિઅંકી નાટકો અને ૨૦૦થી વધુ એકાંકીઓ ભજવ્યાં છે, દિગ્દર્શન કર્યું છે, જે નોંધપાત્ર અને ભગીરથ સિદ્ધિ ગણાય. આવા ટોચના અને ઉમદા કલાકાર પ્રકાશભાઈ ગાંધીનગર તેમજ ગુજરાતની જાણીતી સાંસ્કૃતિક સંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમની સ્થાપના સમયથી (૧૯૯૩-૯૪) તેનું મહામંત્રી પદ સંભાળે છે. આ ઉપરાંત ગાંધીનગરની સૌથી જૂની સંસ્થા શિવરંજની સાથે તેઓ ૧૯૭૬થી જોડાયેલા છે.

ઉચ્ચ કોટિના કલાકાર તેમજ નાટ્યવિદ્ તો લાલા કાકા છે જ, પરંતુ કલાકારોનું હૂન્નર પણ બખૂબી પારખી શકે છે. તેમની કારકિર્દીમાં યશકલગી સમાન અને કલ્ચરલ ફોરમ આયોજિત મેગા શો 'જય જય ગરવી ગુજરાત'માં ૧૫૦થી વધુ કલાકારો પાસેથી વૈવિધ્યપૂર્ણ અભિનયનું પ્રદર્શન કરાવેલ છે, જે ખરેખર સરાહનીય અને યાદગાર સંભારણું બની રહ્યું.

ગાંધીનગરમાં ચાલતી નાટ્ય પ્રવૃત્તિ વિશે પૂછતાં લાલા કાકાએ જણાવ્યું કે રાસ-ગરબા અને સંગીત ક્ષેત્રે સતત ચાલતી પ્રવૃત્તિની જેમ નાટ્યક્ષેત્રમાં પ્રવૃત્તિઓ તો થાય છે પણ અન્ય પ્રવૃત્તિની જેમ સાતત્ય જળવાતું નથી. પરંતુ નાટ્યક્ષેત્રનું ભવિષ્ય તો જરૂર ઉજળું જણાય છે. એમ તેમણે ઉમેર્યું. ગાંધીનગરમાં ખાસ કરીને શ્રી અખ્તર સૈયદ, શ્રી કુંતલ નિમાવત વિ. નોંધપાત્ર પ્રશંસનીય નાટ્ય પ્રવૃત્તિઓ કરી રહ્યા છે તેમજ ગાંધીનગર સાહિત્ય સભાના વાર્ષિકોત્સવ દરમ્યાન યોજાતાં નાટકોનું મંચન એ નાટ્ય પ્રવૃત્તિને પ્રોત્સાહન રૂપ છે.

નાટ્યક્ષેત્રના યુવાન કલાકારોને લાલા કાકા વિનંતી સહ જણાવે છે કે આ ક્ષેત્રની ચમકદમકથી અંજાઈને પ્રવેશ ન કરવો. નાટ્યકલા એ એક સાધના છે, નિષ્ઠા, લિહાજ, શિસ્ત અને પ્રતિબદ્ધતા સાથે જ નાટ્ય ક્ષેત્રમાં પ્રવેશ કરવો જોઈએ. નાટકો ગુજરાતી સાહિત્ય વારસાનો અમૂલ્ય હિસ્સો છે એ ભૂલવું ન જોઈએ.

ગાંધીનગરની નાટ્ય પ્રવૃત્તિ માટે વધુ સમય ફાળવીને આ પ્રવૃત્તિને ઊંચાઈ અપાવી શકે એવી લાલા કાકાને સૌ કલાપ્રેમીઓની વિનંતી સહ ગાંધીનગરના મોંઘેરા મોતી - અણમોલ રતનને ગાંધીનગરની તમામ સાંસ્કૃતિક અને સાહિત્યિક સંસ્થાઓ વતી બાઅદબ સલામ!

